ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીટીઆઇ/૧૧૮૩/૨૪૫૯/ઘ
સચિવાલય, ગાંધીનગર. તા. ૨૫-૫-૧૯૮૪

1

ઠ રા વ :-

ગુજરાતમાં થઇ રહેલા ઉદ્યોગોના ઝડપી વિકાસને કારણે ટેકનોલોજી અને શાખાઓમાં ~~તાલીમબધ્ધ માનવ~~શક્તિની જરુરિયાત વધતી જાય છે. આ માટે રાજ્યના જીલ્લાઓમાં ટેકનીકલ શિક્ષણ ઉપલબ્ધ બની રહે તે હેતુથી પશ્ચિમ વિભાગ સમિતિ ની મંજુરીની અપેક્ષાએ જુન-૮૪ થી અમરેલી, સુરેન્દ્રનગર અને પાલનપુર મુકામે ત્રણ નવી પોલીટેકનીકો શરુ કરવાનું સરકાર ઠરાવે છે.

આ પોલીટેકનીકોમાં નીચે મુજબનાં અભ્યાસક્રમો શરુ કરવામાં આવશે. જેમાં પ્રવેશ અન્ય સરકારી પોલીટેકનીકોની સમાન રહેશે.

| ક્રમાંક : | સંસ્થાનું નામ / અભ્યાસક્રમનું નામ | સમયગાળો | બેઠકો |
|---|---|---|---|
| ૧. | સરકારી પોલીટેકનીક, અમરેલી | | |
| | (અ) ડિપ્લોમા ઇન સીવીલ ઇજનેરી | ૩ વર્ષ | ૩૦ |
| | (બ) ડિપ્લોમા ઇન મીકેનીકલ ઇજનેરી | -- " | " |
| ૨. | સરકારી પોલીટેકનીક, સુરેન્દ્રનગર | | |
| | (અ) ડિપ્લોમા ઇન સીવીલ ઇજનેરી | ૩ વર્ષ | ૩૦ બે |
| | (બ) ડિપ્લોમા ઇન મીકેનીકલ ઇજનેરી | " | " |
| ૩. | સરકારી પોલીટેકનીક, પાલનપુર | | |
| | (અ) ~~ડિપ્લોમા ઇન~~ સીવીલ ઇજનેરી | ૩ વર્ષ | ૩૦ બે |
| | (બ) ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રીકલ ઇજનેરી | " | " |

આ અભ્યાસક્રમોના સંચાલન માટે નીચે મુજબની હંગામી જગ્યાઓ પ્રથમ તબક્કે તા ૨૮-૨-૮૫ સુધી મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા<br>અમરેલી | સુરેન્દ્રનગર | પાલનપુર | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | આચાર્ય | ૧ | ૧ | ૧ | ૧૩૦૦ - ૧૯૦ |
| ૨. | વ્યાખ્યાતા | ૩ | ૩ | ૩ | ૭૦૦ - ૧૪૦ |

પાછળ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૩. | વર્કશોપ અધિક્ષક | ૧ | ૧ | ૧ | ૭૦૦-૧૪૦૦ |
| ૪. | પ્રયોગશાળા મદદનીશ | ૨ | ૨ | ૨ | ૨૬૦-૪૦૦ |
| ૫. | ઇન્સ્ટ્રકટર | ૩ | ૩ | ૩ | ૩૩૦-૫૬૦ |
| ૬. | કયુરેટર (સર્વે) | ૧ | ૧ | ૧ | ૩૩૦-૫૬૦ |
| ૭. | સ્ટોરકીપર | ૧ | ૧ | ૧ | ૩૩૦-૫૬૦ |
| ૮. | રજીસ્ટ્રાર | ૧ | ૧ | ૧ | ૫૦૦-૯૦૦ |
| ૯. | કશીયર | ૧ | ૧ | ૧ | ૨૬૦-૪૦૦ |
| ૧૦. | સિનિયર કારકુન | ૧ | ૧ | ૧ | ૩૩૦-૫૬૦ |
| ૧૧. | જુનિયર કારકુન | ૨ | ૨ | ૨ | ૨૬૦-૪૦૦ |
| ૧૨. | લાયબ્રેરીયન | ૧ | ૧ | ૧ | ૪૨૫-૭૦૦ |
| ૧૩. | હમાલ | ૩ | ૩ | ૩ | ૧૯૬-૨૩૨ |
| ૧૪. | પટાવાળા | ૨ | ૨ | ૨ | ૧૯૬-૨૩૨ |
| ૧૫. | સ્વીપર | ૧ | ૧ | ૧ | ૧૯૬-૨૩૨ |
| ૧૬. | ચોકીદાર | ૧ | ૧ | ૧ | ૧૯૬-૨૩૨ |
| | કુલ.. | ૨૫ | ૨૫ | ૨૫ | |

આ સંસ્થાઓમાં અભ્યાસક્રમો માટે જરુરી યંત્ર સાધનસામગ્રીની ખરીદી પરિશ્રમ સમિતિ ભલામણ મુજબ અને સરકારના પ્રવર્તમાન ધારા ધોરણોએ કરવાની રહેશે.

આ માટે આવર્તક ખર્ચ પેટે રૂા. ૪,૦૦,૦૦૦/- અંકે રુપિયા ચાર લાખ પુરા અને અનાવર્તક ખર્ચ પેટે રૂા. ૪,૦૦,૦૦૦/- અંકે રુપિયા ચાર લાખ પુરા મળી કુલ રુપિયા ૮,૦૦,૦૦૦/- આઠ લાખ પુરાના ખર્ચની મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર '૨૭૭-શિક્ષણ-એ. ટેકનીકલ શિક્ષણ 'સી' પોલીટેકનીક -ટીઇડી-૩ સરકારી પોલીટેકનીકોનો વિકાસ' નીચે ચાલુ વર્ષે મંજુર રહેલી જોગવાઇમાં મેળવવાનું અને ઉધારવાનું રહેશે.

3...



આ હુકમો આ વિભાગની સમાનંકી ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૯-૫-૮૪ ની નોંધથી મળેલ સંમતિ મુજબ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,